# પ્લાસ્ટિક વિશે વધુ જાણો



**આધુનિક દૈનિક જીવન શૈલી પ્લાસ્ટિકના ઉપયોગ વિના અશક્ય છે. આપણા અર્થતંત્રમા પ્લાસ્ટિક એક અગત્યનો ભાગ ભજવે છે. પ્લાસ્ટીક સામગ્રીનું ઉત્પાદન – તેલ, ગેસ અને કોલસા જેવા કુદરતી સંશાધનોમાંથી થાય છે કે જે, લાખો વર્ષો પહેલાં છોડ અને પ્રાણીઓમાંથી રચાયા હતા.  આ ઇંધણ લાખો વર્ષો પછી મળશે નહીં માટે તેમને પુનઃઉપયોગી સાધન ન કહી શકાય. પ્લાસ્ટિક, પર્યાવરણ માટે વધતી જતી મોટી આપત્તિ છે.**

જમીન ઉપર ના પશુ પક્ષીઓ અને દરિયાઇ જળચર સજીવો કચરામાં ફેંકવામાં આવતા પ્લાસ્ટિકના પેકેટો અને પ્લાસ્ટિકની બેગ નિયમિતપણે ખાય છે જેનાથી ઘાતક પરિણામો આવે છે.  પ્લાસ્ટિકનો કુદરતી રીતે નાશ થતો નથી. તે માત્ર એકત્રીત થયા કરે છે અને પર્યાવરણને પ્રદૂષિત કરે છે. પ્લાસ્ટિક કચરાનો નિકાલ નગરપાલિકાઓ માટે દુઃસ્વપ્ન છે. આથી, જ સમગ્ર વિશ્વમાં સ્થાનિક સરકારો પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકવા અંગે અને ખાસ કરીને એક જ વાર ના ઉપયોગ ને પ્રોત્સાહિત કરે છે.

આજે ઘરોમાં, ઓફિસોમાં અને ઉદ્યોગોમાં પ્લાસ્ટિકનો અનિવાર્ય ઉપયોગ થાય છે.  વિદ્યુત ઉપકરણોથી લઇને બાળકના રમકડા સુધી વિશ્વના દરેક ખૂણામાં પ્લાસ્ટિકનો અતિરેક વધ્યો છે.

**CERC-ENVIS Resource Partner**
**Consumer Education and Research Centre**
Suraksha Sankool, S. G. Highway, Thaltej, Ahmedabad 380 054
Tel: 079-27489945/6, 27450528, 27438752/3/4 Fax: 079-27489947
Email: cerc-env@nic.in, cerc@cercindia.org, Website: www.cercenvis.nic.in, www.cercindia.org
Fb page: https://www.facebook.com/EcoProductsEcoLabeling/

CERC Since 1978

**પ્લાસ્ટિક કોડ્સ**

ધ સોસાયટી ઓફ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ (SPI) એ ૧૯૮૮માં ગ્રાહકો અને રીસાઇકલ (પુન:ઉપયોગ) કરનારાઓને વિવિધ પ્રકારના પ્લાસ્ટિકની ઓળખ થાય તે માટે પ્લાસ્ટિક વર્ગીકરણ પ્રણાલિની સ્થાપના કરી હતી. આ એક સમાન કોડિંગ સિસ્ટમ છે જેનો વિશ્વ ભરમાં ઉપયોગ થાય છે. આ પધ્ધતિ દ્વારા રોજીંદા જીવનમાં ઉપયોગ કરાતા ખાસ કરીને ખાદ્યપદાર્થો નો સંગ્રહ કરતા કન્ટેનરો અને પેકેજીંગમાં ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિકના પ્રકારને ઓળખવામાં મદદરુપ થાય છે. આ પ્રકારના પ્લાસ્ટિક ઉત્પાદનો ઉપર "રેઝીન આઇડેનટિ ફિકેશન કોડ" અન્વયે નક્કી કરેલા આંકને ઘન ત્રિકોણની અંદર લખવામાં આવે છે. આ પ્રતિક તળિયાના ભાગમાં બરાબર વચ્ચે અને ઉપસેલું હોવું જોઇએ. નિયમ મુજબ સૂચિત માપ અડધા ઇંચ અને એક ઇંચ વચ્ચે હોવું જોઇએ પણ, આ કન્ટેનરના આકાર ઉપર પણ આધાર રાખે છે. આ માપ માત્ર પ્લાસ્ટિકના પ્રકાર દર્શાવતા પ્રતિકો માટે જ છે. જે દર્શાવે છે કે કેવા પ્રકારના પ્લાસ્ટિકની વસ્તુ બની છે.

## પ્લાસ્ટિકના પ્રકાર – સિમ્બોલ્સનું (પ્રતિક) અર્થઘટન

| રિસાયકલ કોડ્સ | પ્લાસ્ટિકનું નામ | સામાન્ય ઘરગથ્થુ વસ્તુઓ | ઉપયોગ | આરોગ્ય - પર્યાવરણ પર થતી અસર |
|---|---|---|---|---|
| 1 PET | PET and PETE - પોલીથીલીન ટેરેફ્થાલેટ  | સોફ્ટ પીણાંની બોટલ, પાણીની બાટલીઓ, ખોરાક અને ગ્રાહકલક્ષી ઉત્પાદનો, મગફળીના અને માખણના જાર. | તે રિસાઇકલ કરી શકાય છે. | છીદ્રાળુ હોવાથી બેકટેરીયા અને સુક્ષ્મ જીવો જમા થતા હોવાને કારણે આ પ્લાસ્ટિકનો પુનઃ ઉપયોગ હાનિકારક હોઇ શકે. |
| 2 HDPE | HDPE-હાઇડેન્સિટી પોલિએથિલિન  | દૂધ અને પીણાંની બોટલ, ડિશવોશીંગ, ડિટર્જન્ટ અને કરિયાણાની બેગ. | રિસાઇકલ પ્લાસ્ટિક છે. | ખૂબ જ સલામત છે કારણ કે, તે પ્લાસ્ટિકમાં રહેલા પીણાં અને ખોરાકમાં ઝેરી રસાયણો ભળતા નથી. |
| 03 PVC | PVC – વિનાલ અથવા પોલીવિનાલ કલોરાઇડ  | બોટલ, ફૂડ ટ્રે પેકેજીંગમાં વપરાતી જાડી સીટસ, ઇલેક્ટ્રિકલ ઇન્સ્યુલેશન, સિંચાઇ માટેની પાઇપ. | આ પ્લાસ્ટિક નુકસાનકારક હોઇ રીસાઇકલ કરવામાં આવતુ નથી. | ઝેરી પ્લાસ્ટિક હોવાના કારણે તે આરોગ્ય અને પર્યાવરણ માટે નુકસાનકારક છે. આ પ્રકાર નું પ્લાસ્ટિક રસોઇ કરવા અથવા વસ્તુઓ નો સંગ્રહ કરવા માટે જોખમી છે. |
| 04 LDPE | LDPE - લો ડેન્સિટી પોલીએથિલિન  | દબાયેલી બોટલ, વાયર ઇન્સ્યુલેશન, ચીજ વસ્તુઓ ઉપર વીંટવામાં આવતુ તેમજ કરિયાણા, કચરાની, સેન્ડવીચની અને ખોરાકનો સંગ્રહ કરતી બેગો. | ચોક્કસ કાર્ય માટે રિસાઇકલ કરી શકાય છે. | આ પ્રકારનું પ્લાસ્ટિક નિયમિત સ્ટોરેજ કરવા માટે વ્યાપકપણે સુરક્ષિત માનવામાં આવે છે. |
| 05 PP | PP- પોલી પ્રોપીલિન  | ફળ અને શાકભાજી માટેના પેકેટસ્, બોટલના ઢાંકણાં, પીવાની સ્ટ્રો, કપ, બાળકોની બાટલીઓ, રસોડામાં વપરાતા સાધનો અને માઇક્રોવેવમાં વપરાતા કન્ટેનર | રિસાઇકલીંગ માટે વ્યાપક રીતે સ્વિકારવામાં આવે છે. | પ્લાસ્ટિક મજબૂત અને ઉંચા તાપમાને ટકી શકતુ હોવાથી સ્ટોરેજ માટે ખૂબ જ સલામત છે. |
| 06 PS | PS - પોલિસ્ટરઈન  | પેકેજીંગમાં સ્ટાઇરોફોમ સીડી કવર, ઇંડાના કાર્ટન, મગફળીના પેકિંગ, ટેબવેર, ખાદ્ય બોક્ષ, કટલરી અને ડિસ્પોઝેબલ કપ | તે રિસાઇકલ કરી શકાય છે પરંતુ ઘણી ઉર્જા લાગે છે માટે કાર્યક્ષમ નથી. | આ પ્રકારનું પ્લાસ્ટિક હલકી સામગ્રીમાંથી બનતુ હોવાથી અને ગરમ થતા ઝેરી રસાયણો છૂટવાના કારણે પર્યાવરણ માટે અત્યંત જોખમી છે. |
| 07 OTHERS | OTHERS- ઉપર વર્ગીકૃત પ્લાસ્ટિકનું સંયોજન અથવા એકપણ નહીં  | રીસાઇકલ કરીને બનાવેલી વસ્તુઓ, ખોરાક સંગ્રહ, પીવાના કપ | આ પ્રકારના પ્લાસ્ટિક રિસાઇકલ થવા મુશ્કેલ છે. | આ પ્રકારનું પ્લાસ્ટિક BPA કે જે ઔદ્યોગિક રસાયણ છે અને તે ખાસ પ્રકારના પ્લાસ્ટિક અને રેઝીન બનાવવામાં વપરાય છે. આ પ્રકારના પ્લાસ્ટિક કન્ટેનરમાંથી ખોરાક અથવા પીણાં ઝરે છે. પ્લાસ્ટિકની આ શ્રેણીની હકીકતો જાહેર કરવી અને તેનો ઉપયોગ ટાળવો જરૂરી છે કારણ કે, તેનાથી આરોગ્યને નુકસાન થાય છે. |

# રોજીંદા જીવનમાં ઓછા પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાની રીતો

રોજીંદા જીવનમાં કાચની અથવા સ્ટેનલેસ સ્ટીલની પાણીની બોટલો વાપરવી હિતાવહ છે કારણ કે, તેનો સરળતાથી ફરી ઉપયોગ કરી શકાય છે અને પાણીમાં ભળતા ઝેરી રસાયણોથી બચી શકાય છે.



કેનવાસ, કપાસ, શણ, ચામડા, ફાઇબર, કાપડની થેલી અને ગુંથેલી પ્લાસ્ટિક બેગો જેવી ફરીથી ઉપયોગ કરી શકાય તેવી બેગોનો જ ઉપયોગ કરો. ખરીદી માટે તમારી જ કાપડની થેલી લઇને જાઓ.



ખોરાકના સંગ્રહ માટે સ્ટેનલેસ સ્ટીલ અથવા કાચના વાસણોનો ઉપયોગ કરો. કદી તૂટે નહીં તેવા વિકલ્પ માટે સીલીકોનથી બનેલા મજબૂત સાધનોનો ઉપયોગ કરો કારણ કે, તે ટકાઉ છે અને તેનો સરળતાથી પુન: ઉપયોગ કરી શકાય છે.

પ્લાસ્ટિકમાં ખાદ્ય પદાર્થોને સંગ્રહ ટાળો, ખોખા કે પુઠાને પસંદ કરો કારણ કે, તે સરળતાથી રિસાઇકલ થાય છે અને સ્વાભાવિક રીતે જૈવિક વિઘટન (બાયોડિગ્રેડ) પ્રક્રિયા થાય છે.

એક જ વાર ઉપયોગ કરી શકાય તેવા પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો, પ્લાસ્ટિક સ્ટ્રો,



પ્લાસ્ટિક થેલીઓ, રેઝર્સ ડાઇપર્સ, પ્લાસ્ટિક પેનો જેવી બીજી અનેક એક જ વાર ઉપયોગી ચીજ વસ્તુઓ ટાળો.

બાળકો માટે લાકડાના અથવા પૂઠાંના રમકડાંની રમતો ખરીદવી વધુ હિતાવહ છે. પ્લાસ્ટિકના કારણે બાળકોમાં આરોગ્યની સમસ્યાઓ ઉભી થાય છે.

વ્યક્તિગત સંભાળ લેનારા ઉત્પાદનો ઉપર લગાડેલા લેબલ ચકાસો. તેમાં ઝીણા પ્લાસ્ટિકના કણ હોઇ શકે છે. કોઇપણ વસ્તુ જેમાં ઘટક તરીકે પોલીથીલીન હોય તો તેનો ઉપયોગ ટાળો.



નોન-સ્ટીક વાસણોનો ઉપયોગ ટાળો. ટેફ્લોનના આવરણવાળા વાસણો અને અન્ય રેઝીન સતત વપરાશના પરિણામે આરોગ્ય માટે જોખમ ઉભા કરે છે. ટેફ્લોન, પોલી ટેરાફ્લોરાઇથીલીન (PTFE) નું સજીસ્ટર્ડટ્રેડ નામ છે અને ફ્લોરોપોલીમર્સ તરીકે ઓળખાતી પ્લાસ્ટિકનો એક વર્ગ છે.

અમુક સરળ ફેરફારો અને પ્રયત્નો સાથે પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનોનો ઉપયોગ કરવાથી તમારા પર્યાવરણલક્ષી પગલાંનો ઘણો વિશાળ પ્રભાવ પડે છે.

**બની શકે તેટલો પ્લાસ્ટિકનો "ન્યૂનતમ ઉપયોગ, પુન ઉપયોગ અને નવા સ્વરુપે રુપાંતરીત કરવાનો સતત પ્રયત્ન કરો".**

**CERC-ENVIS Resource Partner**

Ministry of Environment, Forest & Climate Change, GOI has recognized Consumer Education and Research Centre as ENVIS (Environment Information System) Partner in 2005 with the theme "Environment Literacy-Ecolabelling and Eco-friendly Products." The focus is to provide environmental information to decision makers, policy planners, scientists and engineers, research workers, etc. across the country.